| | |
|---|---|
| દાખલ તારીખ | : ૦૫/૦૨/૨૦૨૨ |
| રજી.તારીખ | : ૦૫/૦૨/૨૦૨૨ |
| ફેંસલ તારીખ | : ૧૬/૦૩/૨૦૨૬ |
| અવધી | : વર્ષ માસ દિવસ |
| | ૦૪ ૦૧ ૧૧ |

**આંક :**

## ફોર્મ–એ

| | |
|---|---|
| **જ્યુડીશ્યલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ કોર્ટમાં, માણાવદર**<br><br>સમક્ષ : અતીત મહેશકુમાર મહેતા<br>જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ<br>**ફોજદારી કેસ નંબર : ૪૪/૨૦૨૨**<br>જજમેન્ટ તારીખ : ૧૬/૦૩/૨૦૨૬ | |
| ફરીયાદી | શિવમ સેલ્સ કોર્પોરેશન પેઢીના ભાગીદાર દરજ્જે<br>સુરેશભાઈ અરજણભાઈ ધ્રાંગા,<br>ઉ.વ.આ. : પુખ્ત, ધંધો : વેપાર/ખેતી,<br>રહે. ભાલેચડા, તા.માણાવદર |
| ફરીયાદ પક્ષે વિ.એ.પી.પી.શ્રી | એસ.કે.પંડયા |
| આરોપી પક્ષ | ગોઠી પાસરભાઈ કીશોરભાઈ,<br>ઉ.વ.આ. : પુખ્ત, ધંધો : વેપાર/ખેતમજુરી<br>રહે.ધંટીયા, તા.વંથલી |
| આરોપી પક્ષે વિ.વ.શ્રી | એમ.બી.મુછાર |

## ફોર્મ–બી

| | |
|---|---|
| ગુનાની તારીખ | – |
| એફ.આઈ.આર.ની તારીખ | – |
| ચાર્જશીટની તારીખ | – |
| પ્લી/તહોમતનામાની તારીખ | ૨૫/૦૭/૨૦૨૩ |
| પુરાવો શરૂ થયાની તારીખ | ૨૧/૦૩/૨૦૨૫ |
| ચુકાદા માટે રાખવાની તારીખ | ૧૧/૦૩/૨૦૨૬ |
| ચુકાદાની તારીખ | ૧૩/૦૩/૨૦૨૬ |
| સજા હુકમની તારીખ, જો હોય તો | ૧૩/૦૯/૨૦૨૫ |

| ક્રમ | આરોપીનું નામ | ધરપકડની તારીખ | જામીન મુકિત તારીખ | તહોમત | શું નિર્દોષ /સજા કરી | કરવામાં આવેલ સજા | સુનાવણી દરમ્યાન અટકાયત નો સમય ગાળો ફો.કા. સંહિતાની કલમ–૪૨૮મુજબ |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | ગોઠી પાસરભાઈ કીશોરભાઈ, | – | – | નેગો. ઈન્સ્ટ્રુ. એકટ કલમ–૧૩૮ મુજબ. | –––––– –સજા | – | – |

## ફોર્મ–સી

## :: સાહેદોનુ લીસ્ટ ::

અ. ફરીયાદ પક્ષ તરફે સાહેદો:

| ક્રમ | આંક | વિગત |
|---|---|---|
| ૧ | ૧૩ | ફરીયાદી સુરેશભાઈ અરજણભાઈ ધ્રાંગાનું સરતપાસ નું સોગંદનામુ. |

બ. બચાવ પક્ષના સાક્ષી, જો હોય તો : નથી.

ક. ન્યાયાલયના સાક્ષી જો હોય તો : નથી.

ફરીયાદી/બચાવપક્ષ/ન્યાયાલયના આંકની યાદી.

## :: દસ્તાવેજી પુરાવાનું લીસ્ટ ::

અ. ફરીયાદ પક્ષ :

| ક્રમ | આંક | વિગત |
|---|---|---|
| ૧ | ૧૮ | બીલ નં.૧૦૬ |
| ૨ | ૧૯ | ફરીયાદીનુ આધારકાર્ડ |
| ૩ | ૨૦ | ફરીયાદ દાખલ કરવા અંગે ભાગીદારનુ સંમતીપત્ર |
| ૪ | ૨૧ | ફરીયાદવાળો ચેક નં.૦૦૯૪૨૦ |
| ૫ | ૨૨–૨૩ | રીટર્ન મેમો |
| ૬ | ૨૪ | આરોપીને આપેલ ડીમાન્ડ નોટીસ |
| ૭ | ૨૫ | રજી.એ.ડી.ની વિન્ડો સ્લિપ |
| ૮ | ૨૬ | રજી.એડી.ની એકનોલેજમેન્ટ |

બ. બચાવ પક્ષ : નથી.
ક. ન્યાયાલય : નથી.
ડ. ભૌતિક વસ્તુઓ : નથી.

## -: ચુ કા દો :-

(૧) ફરીયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, ફરીયાદી માણાવદર તાલુકાના ભાલેચડા મુકામે રહે છે અને માણાવદર મુકામે શિવમ સેલ્સ કોર્પોરેશન નામથી ભાગીદારી પેઢી ધરાવી જેસીબીના સ્પેરપાર્ટસનો વ્યવસાય કરે છે તથા આ કામના આરોપી વંથલી તાલુકાના ધંટીયા મુકામે રહે છે તથા તેઓએ ફરીયાદી પાસેથી તા.૨૨/૯/૨૦૨૧ ના બીલ નં.૧૦૬ થી રૂા.૫૩,૦૦૦/-થી એન્જીન, કીટ, ઓઈલ, પીન બુસ વગેરે ખરીદ કરેલ અને આ રકમ આરોપીએ પંદર દીવસ માટે ઉધાર પેટે રાખેલ. વધુમાં ફરીયાદીએ પંદર દીવસ બાદ ઉઘરાણી કરતા આરોપીએ ફરીયાદીને તા.૨૨/૧૦/૨૦૨૧ ના રોજનો રૂા.૫૩,૦૦૦/- નો સૌરાષ્ટ્ર ગ્રામીણ બેંક, વંથલી (સોરઠ)નો તમારા ખાતાનો ચેક નં.૦૦૯૪૨૦ આપેલ અને ત્યારબાદ ફરીયાદીએ સદર ચેક તેમની એચડીએફસી બેંક, માણાવદર શાખામાં તેમના ખાતામાં તા.૨૫/૧૦/૨૦૨૧ ના રોજ રજુ કરતા આ ચેક તા.૨૮/૧૦/૨૦૨૧ ના રોજ ''અપુરતા ભંડોળ'' ના શેરા સાથે પરત ફર્યા બાદ આરોપી ફરીયાદીને રૂબરૂ મળવા આવેલ અને જણાવેલ કે ચેકની રકમ તમો દશ પંદર દીવસમાં ભરી આપીશ જેથી ફરીયાદીએ આરોપી પર વિશ્વાસ અને ભરોસો રાખેલ અને આરોપી સમય પસાર કરતા હતા. ત્યારબાદ ફરીયાદીએ ફરીથી સદર ચેક બેંકમાં રજુ કરતા, સદર ચેક તા.૨૯/૧૧/૨૦૨૧ ના રોજ ''અપુરતા ભંડોળ'' ના શેરા સાથે પરત ફરેલ. ત્યારબાદ તેઓએ તા.૧૮/૧૨/ ૨૦૨૧ ના રોજ તેમના વકીલશ્રી મારફત આરોપીને ડીમાન્ડ નોટીસ પોસ્ટલ રજી.એ.ડી.થી મોકલાવેલ જે તા.૨૯/૧૨/૨૦૨૧ ના રોજ મળી ગયેલ હોવા છતા આરોપીએ લેણી રકમ આજદિન સુધી ચુકવેલ નથી. જેથી ફરીયાદીને હાલની ફરીયાદ લાવવા ફરજ પડેલ છે, અને હાલની ફરીયાદ થકી આરોપીને એન.આઈ.એકટની કલમ-૧૩૮ અન્વયે સખત સજા તથા બમણી રકમનો દંડ કરવા અને ફરીયાદીને ચેકની રકમ અપાવવા દાદ માંગેલ છે.

(૨) ફરીયાદીની ફરીયાદ ફોજદારી રજીસ્ટરે લઈ આરોપીઓ સામે ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ કલમ–૧૩૮ મુજબ સમન્સ ઈસ્યુ કરવાનો મારા પુરોગામી ન્યાયધીશશ્રીએ હુકમ કરેલ.

(૩) આ કામના આરોપી અદાલતમાં હાજર થતા તેઓની ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ અન્વયે આંક–૧૧ થી પ્લી નોંધવામાં આવતા ગુન્હાનો ઈન્કાર કરેલ છે, જેથી ફરીયાદપક્ષનો પુરાવો નોંધવામાં આવેલ છે પરંતુ ત્યારબાદ આરોપી લાંબા સમય સુધી હાજર રહેલ નથી.

(૪) આ કામમાં ફરીયાદપક્ષ તરફે ફોર્મ–સી મુજબના મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા રજુ રાખેલ છે અને આંક–૧૭ થી કલોઝીંગ પુરસીસ રજુ કરેલ છે.

(૫) ત્યારબાદ આ કામે આરોપીને હાજર રહેવાની પુરતી તક આપેલ હોવા છતા તેઓ સભાન રીતે તેમજ ઈરાદાપૂર્વક અત્રેની અદાલતમાં હાજર રહેલ નથી અને ફરીયાદીના સરતપાસના પુરાવા સબંધે કોઈ ઉલટ તપાસ કરેલ નથી. જેથી આ કામે આરોપીનો ફરીયાદીની ઉલટ તપાસનો તથા વિશેષ નિવેદનનો હકક બંધ કરવામાં આવેલ છે.

(૬) આ કામે ફરીયાદી તરફે વિધ્વાન વકીલ શ્રી એસ.કે.પંડયા ધ્વારા મૌખિક દલીલો કરવામાં આવેલ છે જયારે આરોપી તરફે કોઈ હાજર ન રહેતા, આરોપીની દલીલનો હકક બંધ કરવામાં આવેલ છે.

(૭) ઉપરોકત હકીકતોએ સદર કેસના નિર્ણય માટે નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે.

| | **–: મુદ્દા :–** |
|---|---|
| (૧) | શું ફરીયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આરોપીએ ફરીયાદીના કાયદેસરના લેણા રૂા.૫૩,૦૦૦/– પેટે ફરીયાદીને વસુલ આપવાના હેતુથી ફરીયાદીને તા.૨૨/૧૦/૨૦૧૧ ના રોજ |

| | |
|---|---|
| | નો ચેક નં.૦૦૯૪૨૦ નો સૌરાષ્ટ્ર ગ્રામીણ બેંક, વંથલી(સોરઠ) શાખાનો ફરીયાદીની પેઢી જોગનો લખી આપતા સદરહુ ચેક ફરીયાદીએ પોતાના બેંક ખાતામાં બે વખત રજુ કરતા સદર ચેક 'અપુરતા ભંડોળ' ના કારણ સબબ વગર સ્વીકાર્યે પરત આવતા, ફરીયાદીએ આરોપીને નિયત સમયમર્યાદામાં નોટીસ આપવા છતાં નિયત સમયમાં ફરીયાદીની લેણી રકમ ભરપાઈ ન કરી આરોપીએ ધી નેગોશીયેબલ ઈન્સ્ટુમેન્ટ એકટની કલમ–૧૩૮ મુજબનો ગુનો કરેલ છે ? |
| (૨) | શું હુકમ ? |

(૮) ઉપરોકત મુદ્દાઓનો મારો નિર્ણય કારણો સહીત નીચે મુજબ છે.

મુદ્દા નં.૧ હકારમાં.

મુદ્દા નં.ર આખરી હુકમ મુજબ.

**–: કારણો :–**

**મુદ્દા નં.૧ :–**

(૯) ધી નેગોશીયેબલ ઈન્સ્ટુમેન્ટ એકટની કલમ–૧૩૮ મુજબનો ગુનો કરેલ હોવાનું પુરવાર કરવા માટે ફરીયાદપક્ષે નીચે મુજબની બાબત નિ:શંકપણે પુરવાર કરવી જોઈએ.

| | |
|---|---|
| (૧) | ડીસ ઓનર થયેલ ચેક લખ્યા તારીખથી છ માસની અંદર આરોપીની બેન્કમાં રજુ થયેલ હોવા જોઈએ. |
| (૨) | ફરીયાદીની બેન્ક (કલીયરીંગ બેન્ક) તરફથી ચેકની બીન ચુકવણી થયાના ૩૦ દિવસમાં ''હોલ્ડર ઈન ડયુ (HOLDER IN DUE COURSE) યથાનુક્રમે ધારણ કરનાર ડ્રોઈ અગર તો પેયી એ ચેકના ડ્રોઅર (આરોપી) |

| | |
|---|---|
| | ને ચેક મુજબની રકમની ચુકવણી કરવા માટે ડીમાન્ડ નોટીસ આપવી જોઈએ અને ડીમાન્ડ નોટીસમાં મળ્યેથી ચુકવણી માટે દિન–૧૫ નો સમય આપવો જોઈએ. |
| (૩) | ચેક લખનારે (આરોપીએ) નોટીસ મળ્યા તારીખ બાદના ૧૫ દિવસમાં ચેક મુજબની રકમની ચુકવણી કરવામાં ડ્રોઅર (ચેક લખનાર) નિષ્ફળ ગયેલ હોવા જોઈએ. |
| (૪) | ડીમાન્ડ નોટીસની ચુકવણી કરવાના ૧૫ દિવસનો સમય પૂર્ણ થયાના પછીના એક માસમાં યોગ્ય હકુમત ધરાવતી અદાલતમાં ફરીયાદીએ ફરીયાદ દાખલ કરેલ હોવી જોઈએ. |
| (૫) | જયાં સુધી વિરૂધ્ધની હકીકત સાબીત ન થાય ત્યાં સુધી ડ્રોયી એ ચેક તેના કાયદેસરના લેણા પેટે મેળવેલ હતો તેવું અનુમાન કરવામાં આવશે. |

(૧૦) **<u>કલમ–૧૧૮: નેગોશીએબલ ઈન્સ્ટ્રેમેન્ટ વિશે માની લેવાની બાબત</u> :**

એથી વિરૂધ્ધનું સાબીત ન થાય ત્યાં સુધી, નીચે પ્રમાણે માની લેવામાં આવશે.

(એ) અવેજ વિશે : દરેક વટાવ ખત અવેજને માટે કરી આપ્યું હતું અને એવું દરેક ખત જયારે તે સ્વીકારવામાં આવ્યું હોય, તેના ઉપર શેરો કરી આપવામાં આવ્યો હોય, તે વટાવમાં આવ્યું હોય અથવા તબદીલ કરવામાં આવ્યું હોય, ત્યારે તે અવેજને માટે સ્વીકાર્યુ હતું, તેના ઉપર શેરો કરી આપ્યો હતો, તે વટાવ્યું હતું અથવા તબદીલ કર્યુ હતું.

(બી) તારીખ વિશે : જેના ઉપર તારીખ હોય તેવું દરેક વટાઉખત તે તારીખે કરી આપ્યું અથવા લખી આપ્યું હતું.

(સી) સ્વીકારના સમય વિશે : સ્વીકારાયેલું દરેક વિનિમય પત્ર તેની તારીખ પછી અને તે પાકયા તારીખ પહેલા વ્યાજબી સમય માં સ્વીકારવામાં આવ્યું હતું.

(ડી) તબદીલીના સમય વિશે : કોઈ વટાઉ ખત ઉપર કરેલા હોવાનું જણાતા શેરા ખત ઉપર જે ક્રમમાં કરેલા જણાતા હોય તે ક્રમમાં કરેલા હતા.

(એફ) સ્ટેમ્પ વિશે : ખોવાઈ ગયેલી પ્રોમીસરી નોટ, વિનિયમ પત્ર અથવા ચેક ઉપર રીતસર સ્ટેમ્પ લગાડેલો હતો.

(જી) ધારક યથાક્રમે ધારક છે એમ માની લેવા વિશે : કોઈ વટાઉ ખત ધારક યથાક્રમ ધારક છે પરંતુ જયારે તે ખત તેના કાયદેસરના માલીક પાસેથી અથવા તેનો કાયદેસરનો હવાલો ઘરાવતી વ્યકિત પાસેથી, કોઈ ગુનો કરીને અથવા કપટથી મેળવવામાં આવ્યું હોય અથવા તે ખત કરી આપનાર અથવા સ્વીકારનાર પાસેથી કોઈ ગુનો કરીને અથવા કપટથી અથવા ગેરકાયદેસર અવેજને બદલે મેળવવામાં આવ્યું હોય ત્યારે તે ખતનો ધારક યથાક્રમે ધારક છે એમ સાબીત કરવાનો બોજો તેના ઉપર છે.

**<u>કલમ–૧૧૯ : અનાદરનું પ્રમાણપત્ર સાબીત થયે માની લેવાની બાબત</u> :**

જેનો અનાદર થયો હોય તેવા ખત ઉપરથી થયેલા દાવામાં અનાદરનું પ્રમાણપત્ર સાબીત થયે અનાદર થયાની હકીકત ના સાબીત ન થાય ત્યા સુધી અનાદર થયો છે એમ કોર્ટે માની લેવું જોઈએ.

**<u>કલમ: ૧૩૮ – ખાતામાં અપુરતા ભંડોળ વગેરેને કારણે ચેકનો અસ્વીકાર</u> :**

સમગ્ર રીતે અથવા અંશત: કોઈપણ દેવું કે અન્ય જવાબદારી અદા કરવા માટે કોઈ વ્યકિત, પોતે નિભાવતો હોય તેવા ખાતા ઉપરનો ચેક એ ખાતામાંથી બીજી વ્યકિતને નાણાંની ચુકવણી કરવા માટે બેંકરને લખે અને એવા ચેકની ચુકવણી કર્યા વિના બેંક એ પરત કરે, કારણ કે એ ખાતામાંની જમા રકમ ચેકના સ્વીકાર માટે અપુરતી છે અથવા તો બેંક સાથે સમજુતીથી કરેલી વ્યવસ્થા કર્યા પ્રમાણે ચેકની રકમ એ રકમ કરતા

વધ્યું છે ત્યારે આવી વ્યકિતએ ગુનો કર્યો ગણાશે અને આ કાયદાની કોઈ અન્ય જોગવાઈઓનો બાધ ન આવે તેમ તેને ''બે વર્ષ'' સુધીની કેદની શિક્ષા અથવા ચેકની રકમથી બમણી રકમ સુધીનો દંડ અથવા બન્ને કરવામાં આવશે.

**કલમ–૧૩૯ : ધારકની તરફેણમાં અનુમાન :**

જયાં સુધી વિપરીત પુરવાર કરવામાં આવે નહી ત્યા સુધી એમ અનુમાન કરવામાં આવશે કે ચેકના ધારકે કલમ–૧૩૮ માં જણાવેલ ચેક કોઈપણ દેવું અથવા અન્ય જવાબદારીને પુરેપુરી રીતે અથવા અંશત: ફેડવા માટે મેળવ્યો હતો.

(૧૧) કલમ–૧૧૮ અને કલમ–૧૩૯ બન્ને અનુમાનોની ધારણા કરવાની હોય છે. પરંતુ ઉપરોકત ધારણાઓનું ખંડન આરોપી કરી શકે છે અને તે ધારણાઓનું ખંડન કરવા માટે શંકાથી પર પોતાનો કેસ પુરવાર કરવાની જરૂર નથી. આમ,આરોપી પોતાનો બચાવ પ્રીપોન્ડરન્સ ઓફ પ્રોબેબેલીટી વડે પુરવાર કરી શકે. આરોપી તરફે તે અનુમાનોનું ખંડન થયેથી ફરીયાદ પક્ષે પોતાનો કેસ શંકાથી પર પુરવાર કરવો જોઈએ. આમ, કાયદા ધ્વારા પ્રસ્થાપિત કરેલ હકીકતો ઘ્યાને લઈ આ કામે ફરીયાદ પક્ષ રજુ કરેલ પુરાવો તથા તે સંદર્ભે આરોપી દવારા લેવામાં આવેલ બચાવો ઘ્યાને લઈ પુરાવાની ચર્ચા કરવી જોઈએ.

(૧૨) ફરીયાદીએ તેમની આંક–૧ ની ફરીયાદમાં પ્રતિપાદીત કરેલી હકીકતોને પુરવાર કરવા માટે આંક–૧૬ થી વટાઉખત અધિનિયમની કલમ–૧૪૫ અન્વયે ફરીયાદ હકીકતો ને સમર્થનકારી સોગંદ ઉપર પુરાવો આપેલ છે. ફરીયાદીના સોગંદ પરના પુરાવા અન્વયે આરોપી તરફે ફરીયાદીની ઉલટ તપાસ કરવામાં આવેલ નથી અને આંક–૧૬ ના સરતપાસના સોગંદનામા હેઠળના હુકમ મુજબ ફરીયાદીની ઉલટ તપાસ કરવાનો આરોપી નો હકક બંધ કરવામાં આવેલ છે. તે રીતે ફરીયાદીના પુરાવાને આરોપી તરફે પડકારવામાં આવેલ નથી.

(૧૩) સદર કામમાં અત્રેની અદાલતને નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ વંચાણે લીધી તથા તેમાં કરવામાં આવેલ કાયદાકીય પ્રબંધો ઘ્યાને લીધા.

હાલના કેસમાં નીચેની તારીખો અત્રેની અદાલતે ધ્યાને લેવી જરૂરી જણાઈ આવે છે.

| વિગત | તારીખ |
|---|---|
| આરોપીએ આપેલ ચેક | 22/10/2021 |
| ચેક રીટર્ન મેમો | 28/10/2021<br>29/11/2021 |
| નોટીસ | 18/12/2021 |
| નોટીસ બજેલ | 29/12/2021 |
| ફરીયાદ દાખલ | 05/02/2022 |

આમ, ફરીયાદીએ એન.આઈ.એકટની કલમ–૧૩૮ ના કાયદાકીય પ્રબંધ મુજબ કલમ–૧૩૮(એ) મુજબ કાયદાથી ઠરાવેલ સમય મર્યાદામાં ચેક બેંકમાં રજુ કરેલ છે. ત્યારબાદ ચેક રીટર્ન થયા અંગેની ફરીયાદીને જાણ થયેથી દિવસ–૩૦ ની અંદર કલમ–૧૩૮(બી) મુજબ આરોપીને લેખિતમાં નોટીસ આપેલ છે જે નોટીસ તા.૨૯/૧૨/૨૦૨૧ ના રોજ બજેલ છે. ત્યારબાદ ફરીયાદીએ તા.૫/૨/૨૦૨૨ ના રોજ ફરીયાદ દાખલ કરેલ છે. વધુમાં અત્રેની અદાલત ધ્વારા ઉપરોકત ચર્ચા કર્યા મુજબ આ કામના આરોપીએ આંક–૨૧ વાળો ચેક કાયદેસરના દેવા પેટે આપેલ હોવાનુ સ્પષ્ટપણે સાબીત થાય છે. બચાવપક્ષે ઉકત પુરાવાનુ ખંડન કરી શકે તેવો કોઈ પુરાવો રજુ કરેલ નથી. ફરીયાદી તરફે રજુ મૌખિક તથા દસ્તાવેજી પુરાવા પુરવાર થાય છે.

(૧૪) આમ, ઉપરોકત ચર્ચા કર્યા મુજબ ફરીયાદી તથા આરોપી વચ્ચે વેપારી ગ્રાહકનો સબંધ હોય, આરોપીએ ફરીયાદી પાસેથી આંક–૧૮ ના બીલ મુજબ રૂા.૫૩,૦૦૦/–ની ખરીદી કરેલ હોય જે પેટેની ચુકવણી માટે આરોપીએ ફરીયાદીને રૂા.૫૩,૦૦૦/– નો આંક–૨૧ નો ચેક નં.૦૦૯૪૨૦ આપેલ જે 'અપુરતા ભંડોળ' ના શેરા સાથે આંક–૨૨ તથા આંક–૨૩ ના રીટર્ન મેમો અન્વયે પરત ફરતા ફરીયાદીએ નિયત સમયમાં આરોપીને આંક–૨૪ ની લીગલ ડીમાન્ડ નોટીસ રજી.એડી. થી મોકલાવેલ છે જે નોટીસ

આરોપીને આંક–૨૬ અન્વયે તા.૨૯/૧૨/૨૦૨૧ ના રોજ બજી ગયેલ છે. આમ, આરોપીને જાણ થયેલ તેમ છતા આરોપીએ નિયમ સમયમર્યાદામાં ફરીયાદીની લેણી રકમ ચુકવેલ ન હોય, ફરીયાદીએ હાલની ફરીયાદ કરેલ છે. ફરીયાદીએ પોતાનો કેસ યોગ્ય મૌખિક તથા દસ્તાવેજી પુરાવાઓથી પુરવાર કરેલ છે. આમ, અત્રેની અદાલત ધ્વારા ઉપરોકત ચર્ચા કર્યા મુજબ તેમજ રેકર્ડ પરના પુરાવાને સમગ્રપણે ધ્યાને તથા વંચાણે લેતા, ફરીયાદીપક્ષે ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ ૧૮૮૧ ની કલમ–૧૩૮ મુજબના તમામ તત્વો પુરવાર કરેલ હોવાનુ અત્રેની અદાલતનુ માનવુ છે.

(૧૫) આ તબકકે આરોપીની ગેરહાજરીમાં ચુકાદો આપવા બાબતે નામદાર ગુજરાત હાઈકોર્ટે Sharad Jethalal Savla Vs. State of Gujarat & Ors, Cri.Misc. Application no. 19862 of 2015 ના ચુકાદામાં નીચે મુજબનો અવલોકન કરેલ છે.

"The judgment that the learned Magistrate may pronounce in the absence of the accused by itself will not vitiate the judgment. Sub section (7) of Section 353 of the Cr.P.C. clearly lays down that no judgment delivered by any criminal court shall be deemed to be invalid by reason only of the absence of any party."

તેવી જ રીતે નામદાર સર્વોચ્ચ અદાલતે Rajesh Ponnada Vs. Satyanarayan Srirangam & Anr ના ચુકાદામાં ઠરાવેલ છે કે,

"Section 353(6) Cr.P.C. stipulates that on the date of judgment, the accused has to be present unless on earlier occasions his personal appearance has been dispensed with. Section 363(1) of the Code of Criminal Procedure provides that on being convicted, the accused is entitled to a copy of the judgment free of

cost. Section 363(1) of Cr.P.C. entitling the accused for free copy of the judgment has to be 353(6). The present petitioner having not appeared before the Court on the date of judgment cannot as of right seek for supply of the copy of the judgment.”

આમ,આ કામે આરોપી લાંબા સમયથી કોર્ટમાં હાજર રહેલ નથી તેમજ તેઓના વકીલશ્રીએ આ અનુસંધાને કોઈ રજુઆત કરેલ નથી. વળી, અત્રેની અદાલત ધ્વારા આરોપીની હાજરી માફી અંગે કોઈ હુકમ કરેલ નથી. આમ, ઉપરોકત હકીકતે આરોપી ક્રિમિનલ પ્રોસીજર કોડની કલમ–૩૬૩(૧) અન્વયે સદર ફેસલાની નકલ હાલના તબકકે વિના મૂલ્યે મેળવવા હકકદાર થતા નથી તેમજ ઉપરોકત ચુકાદામાં કરેલ ચર્ચા મુજબ સદર ચુકાદો આરોપીની ગેરહાજરીમાં આપવાનુ અત્રેની અદાલતને યોગ્ય જણાય છે.

(૧૬) હાલના કેસની કાર્યવાહી સમન્સ ટ્રાયલ મુજબ ચાલેલ હોય, તે સંજોગોમાં સજા અંગે પક્ષકારોને સાંભળવાની આદેશાત્મક(મેન્ડેટરી) જોગવાઈ ન હોય તથા હાલના કેસમાં ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ મુજબનો શિક્ષાપાત્ર ગુનો હોય, આ કામના આરોપીને પ્રોબેશન ઓફ ઓફેન્ડર એકટ–૧૯૫૮ ની જોગવાઈ મુજબનો લાભ આપવા જેવા સંજોગો ન હોય, જેથી પ્રસ્તુત કેસની હકીકત અને સંજોગો ધ્યાને લેતા, આ કામના આરોપી ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ ના ગુનામાં તકસીરવાન ઠરાવી મુદા નં.૧ નો નિર્ણય 'હકારમાં'' આપવામાં આવે છે અને મુદા નં.ર અંગે ન્યાયના હીતમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**–:: <u>આખરી હુકમ</u> ::–**

૧. આ કામના આરોપી પાસરભાઈ કીશોરભાઈ ગોઠીને ક્રિ.પ્રો.કોડની કલમ–રપપ(ર) અન્વયે ધી નેગો. ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ મુજબના શિક્ષાપાત્ર ગુનામાં તકસીરવાન ઠરાવી આરોપીને ૦ર(બે) વર્ષની સાદી કેદની સજા તથા ચેકની રકમથી ડબલ રકમ એટલે કે રૂા.૧,૦૬,૦૦૦/–

(અંકે રૂપિયા એક લાખ છ હજાર પુરા) વળતર પેટે ફરીયાદીને ચુકવી આપવા હુકમ ફરમાવવામાં આવે છે.

૨. આરોપીએ વળતરની રકમ દિન–૬૦ માં ફરીયાદીને ચુકવી આપવી અને કસુર કર્યેથી વધુ ૦૩(ત્રણ)માસની સાદી કેદની સજા ફરમાવવામાં આવે છે.

૩. આરોપીએ જો આ ગુનામાં જેલમાં સમય ગાળેલ હોય તો તે સમય સજામાં મજરે આપવો.

૪. આ કામે આરોપી તરફે જો કોઈ જામીન રજુ કરવામાં આવેલ હોય તો તે રદ કરવામાં આવે છે અથવા જો આરોપી તરફે રોકડ રકમ જામીન રજુ કરેલ હોય તો તેના મુચરકો રદ કરી સદર જામીનગીરી અનામત પેટે મુકેલ રકમ સરકાર ખાતે દંડ તરીકે જમા કરવાનો તથા આરોપીને સજા ભોગવવા જેલમાં મોકલવા માટે ફોજદારી કાર્યરીતી સંહિતા કલમ–૪૧૮(૨) અન્વયેનુ પકડ વોરંટ ઈશ્યુ કરવાનો હુકમ કરવામાં આવે છે.

આ હુકમ આજ તારીખ : ૧૬મી, માહે : માર્ચ, સને : ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

માણાવદર
તા.૧૬/૦૩/૨૦૨૬

( અતીત મહેશકુમાર મહેતા )
જયુડીશ્યલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ,
માણાવદર
Code No.GJ01521